AMC Medical Education Trust

AMC MET
EST. No. 2233

# ઓર્ડર

ચેરમેનશ્રી, એ.એમ.સી મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ તા. ૧૩/૦૯/૨૦૨૧ની મળેલ મંજુરી અનુસાર શ્રીમતી એન.એચ.એલ મ્યુનિ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન એસ.વી.પી હોસ્પિટલ ખાતે ઇમરજન્સી મેડીસીન વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. અદ્વૈત ઠાકોર તા. ૩૧/૧૦/૨૦૨૦ ના ઓફિસ અવર્સ બાદ નિવૃત થયેલ હોઇ, તેઓને નીચે જણાવેલ શરતોને આધીન છેલ્લે મળતા પગારમાંથી મળવા પાત્ર કુલ પેન્શનની રકમ બાદ કરતા જે રકમ થાય તે રકમથી ચેરમેનશ્રીની તા. ૧૩/૦૯/૨૦૨૧ની મળેલ મંજુરીથી (૦૬) છ માસ માટે અથવા રેગ્યુલર નિમણૂંક થાય ત્યાં સુધી તદ્દન હંગામી ધોરણે એન.એચ.એલ મ્યુનિ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન એસ.વી.પી હોસ્પિટલ ખાતે પ્રોફેસર ઓફ ઇમરજન્સી મેડીસીન તરીકે કોન્ટ્રાકટથી નિમણૂંક કરવામાં આવે છે.

## શરતો

૧) ડો. અદ્વૈત ઠાકોરને તા. ૧૩/૦૯/૨૦૨૧ થી (૦૬) છ માસ માટે અથવા રેગ્યુલર નિમણૂંક થાય ત્યાં સુધી તદ્દન હંગામી ધોરણે એન.એચ.એલ મ્યુનિ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન એસ.વી.પી હોસ્પિટલ ખાતે પ્રોફેસર ઓફ ઇમરજન્સી મેડીસીન તરીકે કોન્ટ્રાકટથી નિમણૂંક કરવામાં આવે છે.

૨) ડો. અદ્વૈત ઠાકોરને મળતા છેલ્લા પગારમાંથી મળવા પાત્ર કુલ પેન્શનની રકમ બાદ કરતા જે રકમ થાય તે રકમ દર માસે ચુકવવાની રહેશે.

૩) નિયુકિત સમય દરમિયાન તેઓને હક રજા, માંદગી રજા, વિગેરે મળવા પાત્ર થશે નહિ. પરંતુ તેઓને વાર્ષિક (૧૫) કેજયુઅલ રજાઓ મળી શકશે. જે તેઓએ અગાઉથી મંજુર કરાવવાની રહેશે.

૪) અન્ય મ્યુનિ. કર્મચારીને મળતી વૈદકીય યોજનાનો લાભ તેઓને મળી શકશે અને તેમની સારવારનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો મ્યુનિ. કર્મચારીઓને જે ધોરણે મ્યુનિ. હોસ્પિટલમાં સુવિધાઓ મળે છે તે મળી શકશે. વિકલ્પ (૨) રોકડમાં મેડીકલ એલાઉન્સ મળતુ હશે તો તે મળી શકશે.

૫) એ.એમ.સી મેટના મ્યુનિ. કર્મચારીઓ/ અધિકારીઓ માટે અમલમાં છે તે એલ.ટી.સીના લાભો તેમને મળી શકશે નહિ.

૬) કોન્ટ્રાક સમય દરમિયાન પ્રોવીડન્ડ ફંડ, ગ્રેજયુઇટીના કોઇ લાભ તેમને મળી શકશે નહિ.

૭) એ.એમ.સી મેડીકલ એજયુકેશન ટ્રસ્ટના કર્મચારીઓ/ અધિકારીઓને લાગુ પડતા અ.મ્યુ.કોના ડીસીપ્લીન અને કોન્ટ્રાકટના નિયમો જે વખતો વખત અમલમાં છે તે ઉપરોકત સમય દરમિયાન તેઓને બંધનકર્તા રહશે.

૮) ડો. અદ્વૈત ઠાકોરને એન.એચ.એલ મ્યુનિ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન એસ.વી.પી હોસ્પિટલ ખાતે પ્રોફેસર ઓફ ઇમરજન્સી મેડીસીન તરીકે ફરજ બજાવવાની રહેશે. આ કામગીરી સામાન્ય સંજોગોમાં તેમની ફરજના સમય મર્યાદાને ધ્યાનમાં રાખ્યા સિવાય કરવાની રહેશે.

૯) નિયુકિત સમય દરમિયાન તેઓને સોંપવામાં આવેલ કામગીરીમાંથી તેઓ છુટા થવા ઇચ્છા ધરાવતા હશે તો તે મતલબની તેઓએ ચેરમેનશ્રી, એ.એમ.સી મેડીકલ એજયુકેશન ટ્રસ્ટને એક માસની નોટીસ આપવાની રહેશે.

૧૦) કરારની શરતોને ભંગ થયેલ જણાય તો એ.એમ.સી મેડીકલ એજયુકેશન ટ્રસ્ટને એક માસની નોટીસ આપી સોંપવામાં આવેલ કામગીરીમાંથી તેઓને છુટા કરી શકાશે.

તા. ૧૭/૦૯/૨૦૨૧

એસ.ડી/-
(પ્રવિણ ચૌધરી)
સેક્રેટરી
એ.એમ.સી મેટ

૧) ડીન, એન.એચ.એલ મેડીકલ કોલેજ
૨) મેડીકલ સુપ્રિ., એસ.વી.પી હોસ્પિટલ
૩) બીલ કલાર્ક, એન.એચ.એલ મેડીકલ કોલેજ
૪) બીલ કલાર્ક, વી.એસ.હોસ્પિટલ
૫) એસ્ટાબ્લીશમેન્ટ કલાર્ક, એ.એમ.સી મેટ

(પથિક સી. શાહ)
ડાયરેકટર
એ.એમ.સી મેટ

AMC MEDICAL EDUCATION TRUST AHMEDABAD

**Registered Office:**
Ahmedabad Municipal Corporation, Dr. Ramanbhai Patel Bhavan, Usmanpura, Ahmedabad - 380 013.
Phone : (O) +91-79-27551122, Fax : +91-79-2755 1299
**Present Office Address:** Ground Floor, N. H. L. Municipal Medical College Premises, V. S. Hospital Compound,Ashram Road, Ahmedabad - 380 006. Telephone No. 07926577621 - Ext. 403, Fax No. 07926579185, Email: amcmet2008@gmail.com